**ફો.કે.નં. ૨૫૬/૨૦૨૪**

**–:: હુકમ ::–**

આરોપીઓની આંક–૬ વાળી ગુન્હા કબુલાત પુરસીસ, આરોપીની આંક–પ થી પ્લી અને કેસની હકીકત વંચાણે લેતા આરોપીઓ સામેના જુગારધારા એકટ ની કલમ–૧૨ મુજબનો ગુનો હું સાબીત થયેલો ગણું છું. આરોપીઓ સામેનો ગુનો અને કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે તે હકીકત માન્ય રાખી નીચે મુજબ હુકમ કરૂં છું.

**–:: અંતિમ હુકમ ::–**

- ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ અન્વયે આ કામના આરોપીઓ ને જુગારધારા એકટ ની કલમ–૧૨ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને જુગારધારા એકટ ની કલમ–૧૨ ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ બદલ પ્રત્યેક આરોપી ને રૂા.૨૦૦/– લેખે કુલ રૂા.૧૨૦૦/– (અંકે રૂપિયા બારસો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દડંની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો આરોપીને દિવસ–૧ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.
- આ કામમાં રજુ થયેલ મુદામાલ રોકડ રકમ આરોપીની માલીકીની ન હોય તેમજ રોકડ રકમ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ન હોય જે રોકડ રકમ અંગે આરોપીઓએ કોઈ કલેઈમ કરેલ ન હોય કે ભવિષ્યમાં કોઈ કલેઈમ કરવા માંગતા ન હોય જેથી હાલના કામે રજુ થયેલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકારશ્રીમાં જમા કરાવવી.
- આ કામમાં રજુ થયેલ ગંજીપતાના પાનાનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ બોટાદ મુકામે તારીખ ૦૯ મી, માહે–માર્ચ સને ૨૦૨૪ નારોજ લોક અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૯/૦૩/૨૦૨૪**
**સ્થળ : બોટાદ**

**( નિતેશ કિશોરભાઈ નાચરે )**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**બોટાદ**
**Code GJ-01451**